Letter No: ACD/0438/10/2023 Dt: 16-10-2023

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૪૯
Email : so-m3-agri@gujarat.gov.in

પ્રતિ,

1. નાયબ સચિવશ્રી (તમામ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. સેકશન અધિકારીશ્રી (તમામ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
4. બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
5. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. પશુપાલન નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
7. મત્સ્યોધોગ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. ખાંડ નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. નિયામકશ્રી, આત્મા અને સમેતિ, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
10. નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. નિયામકશ્રી, ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ સર્ટીફિકેશન એજન્સી (ગોપકા), શ્યામલ રો હાઉસ, સેટેલાઇટ, અમદાવાદ.
12. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
13. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી., બલરામ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
14. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
15. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, શ્યામલ રો હાઉસ, સેટેલાઇટ, અમદાવાદ.
16. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વેર હાઉસિંગ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર
17. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લી., ઉધોગ ભવન, ગાંધીનગર.
18. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
19. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત લાઇવ સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
20. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, વેટરનરી કાઉન્સિલ બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
21. રજિસ્ટ્રારશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
22. રજિસ્ટ્રારશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
23. રજિસ્ટ્રારશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ.
24. રજિસ્ટ્રારશ્રી, સરદાર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા, જિ- બનાસકાંઠા.
25. રજિસ્ટ્રારશ્રી, કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
26. રજિસ્ટ્રારશ્રી, ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, એટીક બિલ્ડીંગ, બોરસદ ચોકડી, આણંદ કેમ્પ, આણંદ.
27. સભ્ય સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
28. સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
29. રજિસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ટ્રિબ્યુનલ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.
30. મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતું, કૃષિ ભવન, પાલડી અમદાવાદ.

Office of the Registrar A.A.U. ANAND
18 OCT 2023
INWARD NO. 8593

વિષય: આગામી લોકસભા ચૂંટણી – ૨૦૨૪ ની પૂર્વ તૈયારીના ભાગ રૂપે મુખ્ય નિર્વાચન અધિકારી અને સચિવશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા આપેલ સૂચનો બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭/૧૦/૨૦૨૩ નો અ.સ.પત્ર ક્રમાંક: ઇએલસી-૨૦૨૩-૯૦-છ(પોલીંગ સ્ટાફ) આ સાથે સામેલ છે. જે અન્વયે જણાવવાનું કે મુખ્ય નિર્વાચન અધિકારી અને સચિવશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનો સંપુર્ણ અને ચુસ્ત અમલ થાય તે જોવા વિનંતી છે.

આ અંગેની સૂચનાઓ આપના તાબા હેઠળના તમામ અધિકારી / કર્મચારી ઓને આપવા અને તેનો અમલ થાય તે જોવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

( બી. એચ. ઉપાધ્યાય )
ઉપ સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ:- ઉપર મુજબ

Signature Not Verified
Signed by: B H Upadhyay
Under Secretary
Date: 2023.10.16
12:17:53 +05:30

File No: ACD/MIS/e-file/2/2023/4728/M3 Section - Coordination II
Approved By: ANITA P ZULA(DS,M Section - Establishment I,ACD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

**નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.**

તમામ યુનિટ/સબ યુનિટ કચેરી વડાશ્રીઓ તરફ જાણ તથા બિડાણપત્રની વિગતો ધ્યાને લઈ સૂચનાઓનો સંપૂર્ણ અને ચુસ્ત અમલ થવા સારૂ.

**નં. આકૃયુ/રજિ/સંકલન/૧૨૯૨ /૨૦૨૩**
**તા.૧૯/૧૦/૨૦૨૩**

**કુલસચિવ**

મજબૂત લોકશાહી - સૌની ભાગીદારી

સત્યમેવ જયતે

શ્રીમતી પી. ભારતી, આઈએએસ
મુખ્ય નિર્વાચન અધિકારી
અને સચિવ,
ગુજરાત રાજ્ય

સામાન્ય વહીવટ વિભાગ
બ્લોક નં. ૭, બીજો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

અ.સ.પત્ર ક્રમાંક : ઈએલસી-૨૦૨૩-૯૦-છ(પોલીંગ સ્ટાફ)

તા.૦૭/૧૦/૨૦૨૩

આપ સુવિદિત છો કે હાલની લોકસભાની મુદત જૂન-૨૦૨૪માં પુરી થનાર છે. ચૂંટણી આયોગ, નવી દિલ્હીએ લોકસભાની આગામી ચૂંટણીની પૂર્વ તૈયારીના ભાગ રૂપે ચૂંટણી ફરજ પર નીમવા માટે નીચેની વિગતે માહિતી મેળવી તેનો ડેટાબેઝ તૈયાર કરવા સ્થાયી સૂચના આપેલ છે.:-

(૧) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારના અધિકારી/કર્મચારીઓ અને કેન્દ્ર તથા રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી/કર્મચારીઓ.

(૨) હોમ ગાર્ડ સહીતના પોલીસ કર્મચારીઓ.

(૩) સરકારી વાહનોના અને રાજ્ય વાહન વ્યવહાર નિગમના ડ્રાઈવર, કંડકટર અને કલીનર્સ.

(૪) ખાનગી વાહનો જેવા કે ટ્રક, બસ, મીની બસ વિગેરેના ડ્રાઈવર, કંડકટર અને કલીનરની માહિતી.

૨. સાથો સાથ, ચૂંટણી આયોગે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓની એકત્રિત કરાયેલ માહિતી પરથી જે તે સરકારી કર્મચારી/અધિકારીના નામ મતદાર યાદીમાં નોંધાયા છે કે નહીં તેની ચકાસણી કરવા પણ કાળજી લેવા સુચના આપી છે. ચૂંટણી આયોગ, નવી દિલ્હીની ઉપર્યુક્ત સૂચનાને અનુસંધાને અત્રેના વિભાગના તા.૧૧/૦૯/૨૦૨૩ ના સરખા ક્રમાંકના પત્ર દરેક જિલ્લા ચૂંટણી અધિકારીને તેઓના જિલ્લામાં આવેલી સરકારી કચેરીઓના સ્ટાફની વિગતો મેળવવા સૂચના આપી છે. તે મુજબ જિલ્લા ચૂંટણી અધિકારી જ્યારે આપના વિભાગ અને વિભાગ હેઠળના ખાતાના વડાઓ અને કચેરીઓના વડાઓ પાસેથી કચેરીમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓની માહિતી માંગે ત્યારે તે માહિતી તેઓને નિયત સમય મર્યાદામાં અને સંપૂર્ણ માહિતી પુરી પાડવામાં આવે તે જોવા આપને વિનંતી કરૂં છું. આથી, આ અંગે આપના હસ્તકના તમામ ખાતાના વડાશ્રીઓ/બોર્ડ/નિગમ/સરકારી કંપનીઓને આપના તરફથી જરૂરી સુચના અવશ્ય આપવામાં આવે તેવી વિનંતી છે.

A.C.S. AGRI
NO. 755
DT. 11/10/2023

11/10/23
50-M-3

ટેલીફોન : (કચેરી) ૦૭૯-૨૩૨૫૦૩૧૮, ૦૭૯-૨૩૨૫૦૩૧૬ ફેકસ : ૦૭૯-૨૩૨૫૦૩૧૭
E-mail : ceo_gujarat@eci.gov.in, Website : ceo.gujarat.gov.in

૩.  ચૂંટણી ફરજ પર નીમવા માટે સ્ટાફની વિગત માંગવામાં આવે ત્યારે જે તે સરકારી અધિકારી/કર્મચારીના નામની મતદારયાદીમાં નામ નોંધણી અંગેની વિગત પણ જિલ્લા ચૂંટણી અધિકારી માંગશે, જેથી કરીને જે તે અધિકારી/કર્મચારીને ચૂંટણી ફરજ પર નીમવામાં આવે ત્યારે અધિકારી/કર્મચારી ચૂંટણી ફરજના કારણે મતદાન કરવાથી વંચિત ન રહી જાય અને તેઓ ટપાલ મતપત્રથી /ચૂંટણી ફરજ પ્રમાણપત્રના આધારે મતદાન કરી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવી શકાય. મતદાર યાદીમાં નામની નોંધણીની વિગત આ કચેરીની વેબ સાઈટ www.ceo.gujarat.gov.inપરથી પણ જાણી શકાશે.

૪. આથી દરેક સરકારી અધિકારી/કર્મચારીનું નામ મતદારયાદીમાં છે કે કેમ? તેની ખાતરી થઈ શકે તે માટે અધિકારી/કર્મચારીના મતદાર યાદીમાં નામ નોંધણી અંગેની જે માહિતી માંગવામાં આવે તે માહિતી પણ જિલ્લા ચૂંટણી અધિકારીને અચૂક પુરી પાડવામાં આવે તે જોવા વિનંતી છે. જે અધિકારી/કર્મચારીનું નામ મતદારયાદીમાં ન હોય તે અધિકારી/કર્મચારીના નામની નોંધણીકરાવવા અને જો મતદારયાદીમાં નોંધવામાં આવેલા નામમાં કોઈ ક્ષતિ હોય તો તે દૂર કરવા માટે ચૂંટણી કાયદા હેઠળ નિયત ફોર્મમાં www.voters.eci.in પર લોગીન કરીને અથવા સંબંધિત વિધાનસભા મતવિભાગના મતદાર નોંધણી અધિકારીને અરજી કરવાની રહે છે. આ નિયત ફોર્મ પણ જે તે અધિકારી/કર્મચારીને પુરા પાડવામાં આવશે. આથી જે અધિકારી/કર્મચારીના નામ મતદારયાદીમાં ન હોય તે અધિકારી/કર્મચારી મતદારયાદીમાં નામ નોંધવા માટે અચૂક કાળજી લે અને તેઓના નામની નોંધણી મતદારયાદીમાં કરાવે તેવા ચૂંટણી તંત્રના પ્રયાસને સફળ બનાવવા સહકાર આપવા વિનંતી છે.સાથોસાથ દરેક અધિકારી/કર્મચારી તેઓના નામ અન્ય કોઈ જગ્યાએ મતદારયાદીમાં નોંધાયા નથી, તેની ખાતરી કર્યા પછી જ મતદાર યાદીમાં નામ નોંધાવવા અરજી કરે. કારણ કે, જો કોઈ વ્યક્તિ કોઈ એક વિધાનસભા મતવિભાગની મતદારયાદીમાં એકથી વધુ જગ્યાએ નામની નોંધણી કરાવે કે એક કરતા વધારે વિધાનસભા મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાવે તો તે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૦ ની કલમ–૩૧ હેઠળ સજાપાત્ર ગુનો છે. કાયદાની આ જોગવાઈ આપના વિભાગના તમામ અધિકારી/કર્મચારીના ધ્યાન પર લાવવા વિનંતી છે.

૫. આમ, ઉપર્યુક્ત વિગતે –

(૧) જિલ્લા ચૂંટણી અધિકારી આપના વિભાગના અને આપના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરીના વડા પાસેથી માહિતી માંગે તે માહિતી સંબંધીત જિલ્લા ચૂંટણી અધિકારીને નિયત સમયમાં અને સંપૂર્ણ માહિતી અવશ્ય પુરી પાડવામાં આવે; અને

(૨) જે અધિકારી / કર્મચારીના નામ મતદારયાદીમાં નોંધાયેલા ન હોય તો તે અધિકારી/કર્મચારી તેઓના નામ તેઓ સામાન્ય રીતે જે તે સ્થળે રહેતા હોય તે સ્થળની મતદારયાદીમાં નોંધાવી ચૂંટણી તંત્રને સહકાર આપે તે જોવા આપને વિનંતી છે.

૬. અત્રે ખાસ જણાવવાનું કે, જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા વિગતો માંગવામાં આવ્યેથી, વિભાગના વર્ગ-૧ અધિકારીઓ સિવાયના તમામ અધિકારીઓ/કર્મચારીઓની વિગતો ફરજિયાતપણે સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીને પૂરી પાડવાની રહેશે. ઘણા વિભાગો દ્વારા અધિકારી/કર્મચારીની વિભાગ ખાતે કામગીરીની અગત્યતા કે તેઓના અંગત કારણો ધ્યાને લઈ તેઓની વિગતો જિલ્લા ચૂંટણી અધિકારીને ન પૂરી પાડવાનું ધોરણ અપનાવવામાં આવે છે અને વિભાગના અમુક સ્ટાફની આપમેળે મુક્તિ મેળવી લે છે, જે બિલકુલ ઉચિત નથી. વિભાગના અધિકારીઓ/કર્મચારીઓની વિગતો મોકલ્યા બાદ જો કોઇ અનિવાર્ય કારણોસર વિભાગના કોઇ અધિકારી/કર્મચારીને ચૂંટણી ફરજમાંથી મુક્તિ લેવા અંગેની પરિસ્થિતિ ઊભી થાય, તો તે માટે સંબંધિત વિભાગની મહેકમ શાખા મારફત અત્રે અલાયદી દરખાસ્ત કરવાની રહેશે. કોઇ પણ સંજોગોમાં વિભાગ શરૂઆતના તબક્કે જ અધિકારીઓ/કર્મચારીઓની અપૂરતી વિગતો મોકલી શકશે નહીં તેમજ પોતાના સ્ટાફની આપમેળે મુક્તિ લઈ શકશે નહીં. આથી, આ અંગે મહેકમનો હવાલો સંભાળતા અધિકારીને આપની કક્ષાએથી ખાસ સુચના અપાઈ જવા વિનંતી છે.

૭. ઉપર્યુક્ત બાબતો ધ્યાને લઈને આપના વિભાગ દ્વારા સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીને માહિતી સમયસર પુરી પાડવામાં આવે અને તેને આનુસાંગિક બાબતોના સંકલન માટે આપના વિભાગમાં નાયબ સચિવથી નીચેની કક્ષાના ન હોય તેવી કક્ષાના અધિકારીની નોડલ અધિકારી તરીકે નિમણુંક કરી તેઓના નામ, હોદ્દો, ઓફીસ ટેલિફોન નંબર, મોબાઈલ નંબર વિગેરેની જાણ તા.૧૫/૧૦/૨૦૨૩ સુધીમાં અચૂક આ વિભાગને કરવામાં આવે તે માટે પણ વ્યવસ્થા કરવા વિનંતી કરૂં છું. આ રીતે નીમવામાં આવેલ નોડલ અધિકારીએ ઉપર ફકરા ક્રમાંક (૫) માં દર્શાવેલ વિગતોનું વિભાગકક્ષાએ ચુસ્તપણે પાલન થાયે તે સુનિશ્ચિત કરવાનું રહેશે તેમજ મારી કક્ષાએ અવારનવાર બેઠક યોજવામાં આવે ત્યારે બેઠકમાં નોડલ અધિકારીશ્રીઓ

અચૂક હાજર રહેવાનું રહેશે. જો આ બેઠકમાં હાજર રહેવાની ચૂક કરશે કે માહિતી પુરી પાડવામાં ચૂક કરશે કે વિલંબ કરશે કે અધૂરી માહિતી પુરી પાડશે તો તેમની સામે ભારતના ચૂંટણી આયોગના પરામર્શમાં જરૂરી પગલાં ભરવામાં આવશે જેની ખાસ નોંધ લેવા સંબંધિત અધિકારીને જાણ કરવા વિનંતી છે.

(પી. ભારતી)

પ્રતિ,

શ્રી અમરેન્દ્ર કુમાર રાકેશ, આઈ.એ.એસ.,

અધિક મુખ્ય સચિવશ્રી,

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સરદાર ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

-જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદ.

-જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, ગાંધીનગર.